
## બાયડ તાલુકાના ડેમાઈ ગામે

# પોલીસની ખોટી હેરાનગતિથી ગ્રામજનો દ્વારા ચક્કાજામ

## પોલીસ અને પબ્લીક વચ્ચે તુ... તુ... મૈ... મૈ સર્જાઈ







(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૨૧

જયારથી ગાંધીનગર રેન્જ આઈજી તરીકે ગુજરાત રાજયના બાહોશ અને નીડર અધિકારી હસમુખ પટેલે જવાબદારી સંભાળી છે ત્યારથી અરવલ્લી જીલ્લામાં બુટલેગરો અને જુગારીયા ભુર્ગભમાં ઉતરી ગયા છે ત્યારે પોલીસ પણ પોતાના એરીયામાં કોઈ બુટલેગર ધ્વારા દારૂનુ વેચાણ તો નથી થતુ ને તેની હાલ પુરેપુરી તકેદારી રાખી રહી છે ત્યારે આજે બાયડ પોલીસ ધ્વારા ડેમાઈ ગામે ગામના રહેવાસી અમીતભાઈ પટેલના ખેતરમાં દારૂની રેડ કરી હતી.

જયારે આ ખેતર માલિક આ બાબતે બીલકુલ નીર્દોષ હોવાનુ ગ્રામજનોના ધ્યાને આવતા ગામના સરપંચ મહેશભાઈ અને વડીલો તેમજ યુવાનો સાથે મળીને બાયડ પીએસઆઈ વીરલ પટેલને આ અંગે



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

લાગી હતી ત્યારે આ અગે ડેમાઈ ગામના સરપંચ ધ્વારા પોલીસની ખોટી હેરાનગતિ કરવાના મુદ્દે અને બાયડ પીએસઆઈ ધ્વારા કરવામાં આવેલ વર્તન બદલ તેમની સામે કડક કાર્યવાહી કરવા બાયડના ઈ. પ્રાંત અધિકારી શામળભાઈ પટેલને આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતુ. જયારે આ ઘટનાને લઈને કોઈ અરનીછનીય બનાવ ન બને તે માટે સમગ્ર જીલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે પહોચી ગયો હતો. જયારે આ સમગ્ર મામલામાં ડીવાયએસપી કે. એફ. બલોલીયા ધ્વારા આ અંગે યોગ્ય કાર્યવાહી કરવાની બાહેધરી આપતા સરપંચ મહેશભાઈની દરમ્યાનગીરીથી સમગ્ર ગામજનોએ ચકકાજામ ખુલ્લો કરી દેવામાં આવ્યો હતા.

### નાયબ પોલીસ અધિક્ષક શુ કહે છે

ડેમાઈ ગામે આજરોજ બનેલી ઘટનાથી લોકોનો રોષ થાડે પાડવા માટે દોડી પહોચેલા અરવલ્લી જીલ્લાના નાયબ પોલીસ અધીક્ષક કે.



એફ. બલોલીયાએ જણાવ્યુ હતુ કે રજુઆતકર્તાઓની રજુઆતના અનુસંધાને તપાસ કરી જવાબદારો સામે ઘટતી કાર્યવાહી કરવાનુ જણાવ્યુ હતુ. જયારે આ ઘટનાને પગલે ગ્રામજનો ધ્વારા નેશનલ હાઈવેને ચકકાજામ કરી દેવામાં આવ્યો હતો. તં અંગે ડીવાયએસપી ધ્વારા લેખીતમાં ઘટતુ કરવાની ખાત્રી આપ્યા બાદ ગ્રામજનો ધ્વારા નેશનલ હાઈવે ચાલુ કરાવામાં આવ્યો હતો.

### ૨ કલાક સુધી બન્ને બાજુ ૪ કી.મી. વાહનોની લાંબી કતાર

આજરોજ ડેમાઈ ગામે બાયડ પોલીસ ધ્વારા એ ખેડુતના ખેતરમાં ખોટી રીતે રેડ કરી ખેડુતની હેરાનગતીના મામલે પોલીસ અને ગ્રામજનો વચ્ચે તુ.. તુ.. મૈ.. મૈ સર્જાતા ગ્રામજનો ધ્વારા ડેમાઈ ગામે નેશનલ હાઈવે ચકકાજામ કરી દેવામાં આવ્યો હતો ત્યારે આ ચકકાજામને કારણે નેશનલ હાઈવે પર બન્ને બાજુ બે કલાક સુધી ૪ કિ.મિ લાબી વાહનોની કતાર લાગી ગઈ હતી.

રજુઆત કરવા ગયા હતા ત્યારે પીએસઆઈ ધ્વારા રજુઆત કરવા ગયેલા લોકો સામે તોછડાઈ ભર્યો જવાબ આપતા ગ્રામજનો ઉશ્કેરાઈ ગયા હતા અને ડમાઈ ગામ સંપુર્ણ રીતે સજજડ બંધ કરી રોડ ઉપર ઉતરી આવ્યા હતા અને નેશનલ હાઈવે ચકકાજામ કરી દેવા માં આવ્યો હતો.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર છેલ્લા કેટલાય દિવસથી સમગ્ર અરવલ્લી જીલ્લામાં સાબરકાંઠા, ગાંધીનગર અને મહેસાણા જીલ્લામાં પોલીસ ધ્વારા સંદતર રીતે દારૂનુ વેચાણ કરનાર સામે લાલ આંખ કરી છે ત્યારે આજરોજ સવારે ૧૧ વાગ્યાની આસપાસ બાયડ પોલીસ ધ્વારા ડેમાઈ ગામે રહેતા અમીતભાઈ પટેલના ખેતરમાં રેડ કરવામાં આવી હતી, જે ગ્રામજનોના ધ્યાને આવ્યુ હતુ. જેથી ડમાઈ ગામના સરપંચની આગેવાનીમાં બાયડ પોલીસને ડેમાઈ ગામના ખેડુતોને ખોટી રીતે હેરાન કરવાના ઈરાદે જે પોલીસ ધ્વારા ખોટી રીતે હેરાનગતિ કરવામાં આવી તે બાબતે ગ્રામજનો ધ્વારા બાયડ પીએસઆઈને રજુઆત કરવા ગયા હતા ત્યારે બાયડ પીએસઆઈ અને ગ્રામજનો વચ્ચે તુ.. તુ.. મૈ.. મૈ.. ના દ્રશ્યો સર્જાયા હતા ત્યારે આ બાબતે થોડી જ વારમાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લેતા ડેમાઈ ગામના લોકો ધ્વારા ખોટી રીતે નીર્દોષ ખેડુતોને હેરાન કરવાના મુદ્દે સમગ્ર ગામ સજજડ બંધ કરી દેવામાં આવ્યુ હતુ અને તેમા ગ્રામજનો રોડ ઉતરી પડયા હતા. નેશનલ હાઈવેને બે કલાક સુધી જામ કરી દેવામાં આવ્યો હતો જેને લઈને ૪ કિમિ લાબં લાઈનો

### પોલીસ ધ્વારા ખેડુતોને ખોટી રીતે હેરાન કરવામાં આવ્યા : મહેશ પટેલ

ડેમાઈ ગામે પોલીસ ધ્વારા ખેડતોને ત્યાં રેડ કરી અને તપાસ કરી ખોટી રીતે હેરાનગતિ કરવાના મામલે ડેમાઈ ગામના સરપંચ મહેશભાઈ



પટેલ જણાવ્યુ હતુ કે અમો લોકો ધ્વારા આ બાબતે સરપંચની રૂહે હુ અને મારા ગ્રામજનો બાયડ પી. એસ. આઈ. વીરલભાઈ પટેલ રજુઆત કરવા ગયા હતા ત્યારે તે સમયે તેમના ધ્વારા બીભત્સ વર્તન કરવામાં આવ્યુ હતુ. જે અંગે ગ્રામજનોએ નેશનલ હાઈવે ચકકાજામ કરી દેવામાં આવ્યો હતો. પરંતુ નાયબ પોલીસ વડાની દરમ્યાનગરીથી સમગ્ર મામલે થાડે પડયો હતો.



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

સાબરકાંઠા જિલ્લાના નવરચિત પોશીના તાલુકાના અરવલ્લીની ગિરીકંદરાઓમાં વચ્ચે આવેલા ગુણભાંખરી ખાતે આકુળ-વ્યાકુળ અને સાબરમતીના ત્રિવેણી સંગમ ખાતે ફાગણ વદ ચૌદશ અને અમાસ દિને યોજાયેલ આદિવાસી સમાજનો ચિત્ર વિચિત્રેશ્વર મહાદેવના લોકમેળાનો રાજ્યકક્ષાના આદિજાતિ મંત્રી કાન્તિભાઈ ગામીતે દિપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુકયો હતો. ઉપસ્થિત જનમહેરામણને સંબોધતા મંત્રીએ જણાવ્યું હતું કે, ઉમરગામથી અંબાજી પૂર્વ પટ્ટી વિસ્તારમાં આદિવાસી સમાજના જુદા જુદા સમુદાયોની વિશિષ્ટ જીવનશૈલી છે. એમના ધાર્મિક ઉત્સવો, સમાજીક તહેવારો, લોકકલા રૂઢીરિવાજો વૈવિધ્યતા સભર છે. આટ આટલા વૈશ્વિક પરીવર્તન, સાંસ્કૃતિક આક્રમણો વચ્ચે પણ પોતાની આગવી સાંસ્કૃતિ અકબંધ રાખી છે અને તેનું જતન કર્યુ છે. જે આદિવાસી સમાજની આગવી ઓળખ અને ગરિમાને ગૌરવ પ્રદાન કર્યું છે. આ સંસ્કૃતિને જાળવી રાખવા તથા આદિજાતિના સમુહને સામાજીક, શૈક્ષણિક અને આર્થિક વિકાસ માટે કલ્યાણકારી યોજનાઓ અમલમાં કરી રાજ્ય સરકાર દ્વારા સ્તુત્ય પ્રયાસ કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારના અસરકારક પગલાથી ગુણભાંખરી ખાતે આકુળ-વ્યાકુળ અને ત્રિવેણી સંગમને નવપલ્લિત કરવામાં આવ્યો છે. જ્યાં પિતૃ તર્પણ કરી પોતાના સ્વજનોને મોક્ષ પ્રાપ્તિ કરાવે છે. આ શ્રદ્ધાના પાવન સ્થળને વિકસાવવા રાજ્ય સરકાર દ્વારા મહત્તમ પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. આ લોક મેળાના ઉત્સવ પ્રસંગે આદિજાતિ વિકાસ નિગમના ચેરમેન રમીલાબેન બારા, વન વિકાસના ચેરમેન કુબેરભાઈ ડિંડોર, જિલ્લા પંચાયત પ્રમુખ શાન્તાબેન પટેલ, જિલ્લા સમાહર્તા પી. સ્વરૂપ, જિલ્લા પોલીસ વડા પ્રવિણ માલ, પ્રાંત અધિકારી પ્રજાપતિ, સહિત મોટી સંખ્યામાં વનવાસીબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા.



મોડાસા અમદાવાદ રાજ્ય માર્ગ પર હિન્દુપુરા નજીક આજે સવારે કારચાલકે ભયાનક વળાંકમાં અચાનક સામેથી આવેલા વાહનથી અકસ્માતથી બચવા જતા કારચાલકે કાર પરથી કાબુ ગુમાવતા કાર ત્રણ ચાર પલટી ખાઈ ગઈ રોડની સાઈડમાં પડી હતી. કારના ભુક્કા નીકળી ગયા હતા. સદનસીબે કાર ભયંકર રીતે પછડાઈ હોવા છતાં કોઈ જાનહાની ન થતાં અકસ્માતથી દોડી પહોંચેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

### સાસરીવાળાઓના ત્રાસથી કંટાળી અગનપીછોડી ઓઢી લેતાં ગામમાં અરેરાટી ફેલાઈ

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના દધાલિયા ગામની સગર્ભા મહિલાએ પતિ, સસરા, જેઠ-જેઠાણી અને નણંદ દ્વારા અપાતા માનસિક અને શારીરિક ત્રાસથી કંટાળીને ગઈકાલે બપોરે શરીર પર કેરોસીન જેવુ જલદ પ્રવાહી છાંટીને આત્મહત્યા કરી લેતાં દધાલિયા ગામમાં તરહ-તરહની ચર્ચાએ જોર પકડ્યું છે. મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં મહિલાને આત્મહત્યા માટે મજબુર કરનાર પતિની ધરપકડ કરી બાકીના આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. દધાલિયા ગામના શીતલબેન વાસુદેવભાઈ ભોઈએ શુક્રવારે બપોરના સમયે કેરોસીન છાંટી આત્મહત્યા કરી લેતાં ગામમાં લોકો દોડી આવ્યા હતા. ઈડરના શીતલબેન ભોગીલાલ ભોઈ (ઉં.વ.૨૬) ના ત્રણ વર્ષ અગાઉ સમાજના રિતરિવાજ મુજબ દધાલિયા ગામના વાસુદેવ મણીભાઈ ભોઈ સાથે થયા હતા. જેમાં એક બાળકીનો જન્મ થયો હતો. જ્યારે મહિલાને ત્રણ વર્ષ દરમિયાન પતિ,સસરા, જેઠ-જેઠાણી અને નણંદ દ્વારા વારંવાર માનસીક અને શારીરિક ત્રાસ આપવામાં આવતો હતો. જ્યારે પતિ વાસુદેવભાઈ મહિલાને ત્રણ વર્ષ દરમ્યાન જમવા બાબતે સતત મારઝુડ કરતો રહેતો હતો. કંટાળીને શીતલબેન સગર્ભા હોવા છતાં સાસરીવાળાઓનો અને પતિના ત્રાસ અસહ્ય બની જતાં શુક્રવારે બપોરના સમયે ઘરમાં પુરાઈ જઈને શરીર પર જલદ પ્રવાહી છાંટીને આગ ચાંપી દીધી હતી. ઘરમાંથી ધુમાડાના ગોટે-ગોટા નીકળતા આજુબાજુમાં રહેતા પરિવારના લોકો દોડી આવી ઘરની બારી તોડી બચાવવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ મહિલાનું શરીર વધારે દાઝી જતાં મહિલાએ દમ તોડી દીધો હતો.



(તસવીર : જય અમીન, મોડાસા)

### ખેડબ્રહ્મા દેનાબેંકના ઓન લાઈન બેંકીંગ ખાતામાંથી રૂ. ૫૮૩૧૧ની ઉઠાંતરી

ખેડબ્રહ્મા દેનાબેંકના ઓનલાઈન બેંકીંગ દ્વારા એક ખાતેદારના ખાતામાંથી રૂ. ૫૮૩૧૧ જેટલી રકમ ઉપડી જતાં ખાતેદારે બેંકને જાણ કરી કાયદેસર કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરી છે. વિજયનગર તાલુકાના લાડીવાડા ગામના ખરાડી ગલજીભાઈ કલાભાઈ ખેડબ્રહ્મામાં આવેલી ફોરેસ્ટ રેન્જ ઓફીસમાં ફોરેસ્ટ ગાર્ડ તરીકે ફરજ બજાવે છે. જાન્યુઆરી માસમાં તેઓ મોટરસાયકલ ઉપર લાડીવાડા જતા હતા ત્યારે મોબાઈલની રીંગ વાગતા વાતચીત ચાલુ કરી હતી. વાત કરનારે તમારો કાર્ડ નંબર બંધ થઈ જવાનો છે અને નવો નંબર આપવાનો છે તેમ કહી એ. ટી. એમ. નંબર તથા પાસવર્ડ ચાલુ બાઈકે આપ્યો હતો. પાસવર્ડ નંબર આપ્યા પછી ફેબ્રુઆરીથી માર્ચ માસ દરમિયાન આ ખાતામાંથી જુદી જુદી તારીખે રૂ. ૫૮૩૧૧ જેટલી રકમ ઉપડી જવા પામી હતી. જેમાં રૂ. ૩૦૦૦ રોકડા, ૩૩૮૧ પેટીએમ કંપનીનું મોબાઈલ કાર્ડ રીચાર્જ કરવા તથા પ્રાઈવેટ મોબાઈલ કંપનીના મોબાઈલ બીલ રૂ. ૮૩૧૦ ઉપાડી લીધા હતા. ખરાડીના ખાતામાં ૭ ફેબ્રુઆરીએ રૂ. ૩૦૨૧૦ તથા ૨૦ માર્ચે રૂ. ૨૭૫૯૦ નો પગાર જમા થયો હતો. રૂ. ૫૮૩૧૧ની રકમ પૈકી મોટા ભાગની રકમ ૨૦ માર્ચ અને ૨૧ માર્ચના રોજ ઉપડી ગઈ છે. શાખાના બ્રાન્ચ મેનેજર આર.એમ. ગુપ્તાએ જણાવ્યું હતું કે બેંક દ્વારા પાસવર્ડ નંબર કે એટીએમ કાર્ડ નંબર કદી માગવામાં આવતો નથી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સકલુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦